# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૫૦ તા.૨૮-૦૮-૨૦૨૦

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- રાજ્ય સરકારની સ્કોલરશીપ યોજના બાબત.

સંદર્ભ :- (૧) બાળલગ્ન પ્રતિબંધ અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની કચેરીના જા.નં. સસુઅ/અમદ/શિષ્યવૃત્તિ/૨૦૨૦-૨૧/૧૪૭૩ તા.૧૭-૦૮-૨૦૨૦ નો પત્ર.

(૨) નિયામકશ્રી સમાજ સુરક્ષા ખાતાના પત્ર નં. સસુખા/અપગ/સ્કોલરશીપ/૨૦૨૦-૨૧/૭૩૫૫/ તા.૩૧-૦૭-૨૦૨૦ અન્વયે.

(૩) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રીશ્રીના અધ્યક્ષ સ્થાનેતા.૩૧-૭-૨૦૨૦ના રોજ લેવાયેલ મિટીંગ અનુસંધાને

આથી તમામ મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવામાં આવે છે કે દિવ્યાંગ વિદ્યાર્થીઓની રાજ્ય સરકાર દ્વારા Digital Gujarat Portal પર પ્રિ-મેટ્રીક સ્કોલરશીપ યોજનાઓ ચાલુ છે. તો આપની શાળાઓના દિવ્યાંગ વિદ્યાર્થીઓની દરખાસ્તો તાકિદે સમયમર્યાદામાં પૂર્ણ કરશો. અન્યથા આ બાબતે જે કોઇ પણ લાભાર્થી વિદ્યાર્થી શિષ્યવૃત્તિથી વંચિત રહેશે તો તેની સઘળી જવાબદારી જે-તે મુખ્ય શિક્ષકશ્રીની રહેશે. જેની નોંધ લેશો.

તા.૨૮-૦૮-૨૦૨૦

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૫૦-A તા.૨૮-૦૮-૨૦૨૦

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ‘ શિક્ષક દિન’ ની વર્ચ્યુઅલ ફોર્મેટમાં ઉજવણી કરવા બાબત.

સંદર્ભ :- (૧) શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ, કેન્દ્ર સરકારશ્રીનો પત્ર ક્રમાંક : D.O.No.7-7/2020-EE.1/4

(૨) ગુજરાત શાળા શિક્ષણ પરિષદ, ગાંધીનગરનો પત્રક્રમાંક : સમગ્ર શિક્ષા/મકમ/ ૨૦૨૦/ ૨૮૨૬૮-૨૭૧ તા.૨૭-૮-૨૦૨૦

(૩) ક્રમાંક : પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૦/૪૦૮૧-૪૧૩૬ તા.૨૭-૮-૨૦૨૦

આથી તમામ મ્યુનિ.શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને શિક્ષણ પરત્વે જણાવવાનું કે, ૫ મી સપ્ટેમ્બર ‘શિક્ષક દિન’ તરીકે ઉજવીને શિક્ષકોએ સમાજ અને રાષ્ટ્રના વિકાસને આપેલ યોગદાન માટે યાદ કરવામાં આવે છે. હાલની કોવિડ-૧૯ મહામારીને કારણે ચાલુ વર્ષે આ દિવસની ઉજવણી વર્ચ્યુઅલ ફોર્મેટમાં કરવાનું આયોજન કરેલ છે. આ માટે વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ નીચે મુજબની સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

(૧) વિદ્યાર્થીઓ માટે :-

વિદ્યાર્થીઓ પોતાના શિક્ષકનું નામ લખેલ અથવા તેમના પ્રત્યે આદર વ્યક્ત કરતો સંદેશ કાગળ પર લખી તેની સેલ્ફી પાડી #Our TeachersOurHeroes #TeachersFromindia હેશટેગ સાથે વર્ચ્યુઅલ ફોર્મેટ પર અપલોડ કરી ઉજવણીમાં ભાગ લેવો

(૨) શિક્ષકઓ માટે :-

શિક્ષકો #TeachersFromindia હેશટેગ સાથે વર્ચ્યુઅલ ફોર્મેટ પર પોતાની સેલ્ફી કે સંદેશ મુકી ઉજવણીમાં ભાગ લેવો

ઉકત ઉજવણીમાં વધુને વધુ વિદ્યાર્થીઓ અને શિક્ષકો ભાગ લે તે સુનિશ્ચિત કરવા જણાવવામાં આવે છે.

બિડાણ :- સંદર્ભિત પત્રો.

તા.૨૮-૦૮-૨૦૨૦

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

ક્રમાંકઃપ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૦/ ૪૦૯૨-૪૨૩૬

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,

બ્લોક નં-૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,

ગુ રા. ગાંધીનગર. તા. ૨૭/૦૮/૨૦૨૦

પ્રતિ,

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

**વિષયઃ-** "શિક્ષક દિન" ની વર્ચ્યુઅલ ફોર્મેટમાં ઉજવણી કરવા બાબત.

**સંદર્ભઃ-** (૧) શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ, કેન્દ્ર સરકારનો પત્ર ક્રમાંકઃ- D.O. No. 7-7/2020-EE.1/4 તા. ૨૫/૦૮/૨૦૨૦

(૨) ગુજરાત શાળા શિક્ષણ પરિષદ, ગાંધીનગરનો પત્ર ક્રમાંકઃ- સમગ્ર શિક્ષા/મકમ/૨૦૨૦/૨૮૨૬૮-૨૭૧ તા. ૨૭/૦૮/૨૦૨૦

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનુ કે, કેન્દ્ર સરકારના શિક્ષણ વિભાગના સંદર્ભ- ૧ ના પત્રથી "શિક્ષક દિન" ની ઉજવણી શાળા વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા વર્ચ્યુઅલ ફોર્મેટમાં કરવામાં આવે તેમ સૂચના આપવામાં આવેલ છે.

આપ સૌ સુવિદીત છો કે, દર વર્ષે ૫ મી સપ્ટેમ્બર "શિક્ષક દિન" તરીકે ઉજવીને શિક્ષકોએ સમાજ અને રાષ્ટ્રના વિકાસને આપેલ યોગદાન માટે યાદ કરવામાં આવે છે. આ દિવસની ઉજવણીમાં શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો વર્તમાન પરિસ્થિતિને ધ્યાને રાખી વર્ચ્યુઅલ ફોર્મેટમાં ઉજવણી કરે તે બાબતે સંબંધિતોને જાણ કરવા જણાવવામાં આવે છે.

**(૧) વિદ્યાર્થીઓ માટેઃ-**

વિદ્યાર્થીઓ પોતાના શિક્ષકનું નામ લખેલ અથવા તેમના પ્રત્યે આદર વ્યકત કરતો સંદેશ કાગળ પર લખી તેની સેલ્ફી પાડી #Our TeachersOurHeroes હેશટેગ સાથે વર્ચ્યુઅલ ફોર્મેટ પર અપલોડ કરી ઉજવણીમાં ભાગ લઇ શકશે.

**(૨) શિક્ષકો માટેઃ-**

શિક્ષકો #TeachersFromIndia હેશટેગ સાથે વર્ચ્યુઅલ ફોર્મેટ પર પોતાની સેલ્ફી કે સંદેશ મુકી ઉજવણીમાં ભાગ લઇ શકશે.

સદર સૂચના વધુમાં વધુ શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો સુધી પહોંચે તે મુજબ પ્રચાર પ્રસાર કરવા જણવવામાં આવે છે.

બિડાણઃ- ઉપર મુજબ

(ડૉ. એમ.આઇ.જોષી)
નિયામક પ્રાથમિક શિક્ષણ
ગુ. રા. ગાંધીનગર

**નકલ સવિનય રવાનાઃ-**

- માન. સચિવશ્રી (પ્રા. અને મા. શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, સમગ્ર શિક્ષા અભિયાનની કચેરી, સેકટર- ૧૭, ગાંધીનગર

Scanned by CamScanner

अनीता करवल, भा. प्र. से
सचिव

**Department of School Education & Literacy**
**Ministry of Education**
**Government of India**

**Anita Karwal, IAS**
**Secretary**

27 AUG 2020
23697

D.O. No. 7-7/2020-EE.1/4

25th August, 2020

Dear Education Secretary,

As you are aware every year of 5th September, the Teachers' Day is celebrated in the country to recognize the contribution of the teaching community towards the society, while shaping the younger generations for future and providing them with the power of education and knowledge. Indian teachers have always been exceptional in performance of duties, working selflessly and relentlessly through the ages, often in adverse conditions to bring down prejudices and provide positive impetus to transform society.

2. I would like to request to issue instructions to all the colleges and schools in your State/UT also to celebrate Teachers' Day on 5th September and recognize the contribution of the teaching community working there. It may be held through virtual format. It is also requested to advise these colleges and schools to popularize the following two hash tags:

i. #OurTeachersOurHeroes

   a. Where children can post their own selfie with a paper sharing their teacher's name/s or with a message to their teachers.

ii. #TeachersFromIndia

   a. Where teachers from these colleges and schools are acknowledged.

I look forward to your acknowledgement and reply about action taken.

Best wishes

Yours sincerely,

(Anita Karwal)

**Secretaries School Education of all States/UTs**

**Copy to:**

i) SPD, Samagra Shiksha of all State /UTs
ii) Directors, SCERT of all State/UTs

Scanned by CamScanner
Scanned by CamScanner

૯૮૨૭૯-૨૭૨


સત્યમેવ જયતે

પી. ભારતી, આઈ.એ.એસ.
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર &
કમિશ્નર, પ્રાથમિક શિક્ષણ


શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે


નં. સમગ્ર શિક્ષા/મકમ/૨૦૨૦/
ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ, સમગ્ર શિક્ષા
સેક્ટર–૧૭, ગાંધીનગર
તા. ૨૭.૦૮.૨૦૨૦
ફોન નંબરઃ (૦૭૯) ૨૩૨૪૩૧૩૩
ઈમેલ : spdssa@gmail.com


પ્રતિ

| | | |
|---|---|---|
| કમિશ્નરશ્રી,<br>કમિશ્નરશ્રી ઉચ્ચ શિક્ષણની કચેરી<br>બ્લોક નં.૧૨/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન,<br>ગાંધીનગર | નિયામકશ્રી,<br>નિયામકશ્રી શાળાઓની કચેરી<br>બ્લોક નં.૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,<br>ગાંધીનગર | નિયામકશ્રી,<br>પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી<br>બ્લોક નં.૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,<br>ગાંધીનગર |

**વિષય : ૫ મી સપ્ટેમ્બર, ટીચર્સ ડે ની ઉજવણી બાબત.**
**સંદર્ભઃ ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય, નવી દિલ્હીના માન.સચિવશ્રીના તા.૨૫.૮.૨૦૨૦ અર્ધ સરકારી પત્ર નં. 7-7/2020-EE.1/4**

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ભારત સરકાર ધ્વારા ૫ મી સપ્ટેમ્બર ના રોજ ટીચર્સ ડે ઉજવણી બાબતનો પત્ર આ સાથે સામેલ છે. આ કાર્યક્રમની ઉજવણી માટે ભારત સરકારના પત્રમાં દર્શાવેલ સૂચનાઓ ધ્યાને લઈ આગળની કાર્યવાહી આપની કક્ષાએથી કરવા વિનંતી છે.

(પી. ભારતી)

**નકલ સવિનય રવાના જાણ સારૂ:**

- માન.સચિવશ્રી (પ્રા. અને મા. શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

સંકલન
૨૮/૮

E:\D\Director Primary Education\Letter.doc

Scanned by CamScanner